# GUJARATI

*(Maximum Marks : 80)*

*(Time allowed : Three hours)*

*(Candidates are allowed **additional 15 minutes** for only reading the paper.*

*They must **NOT** start writing during this time.)*

---

*Answer questions **1**, **2** and **3** in Section A and **four** other questions from Section **B***

*on **at least three** of the prescribed textbooks.*

*The intended marks for questions or parts of questions are given in brackets [ ].*

---

## SECTION A

## LANGUAGE – 40 Marks

**Question 1**

Write a composition in approximately **400** words in Gujarati on **any one** of the topics given below :— **[15]**

નીચે આપેલા વિષયોમાંથી કોઈપણ **એક** વિષય પર આશરે ૪૦૦ શબ્દોમાં ગુજરાતીમાં નિબંધ લખો :—

(૧) પ્રકૃતિની પાઠશાળા કંઈ કેટકેટલું શીખવે છે ?.... એ પ્રકૃતિના તત્ત્વોની સુંદરતા અને ઉપકારનું વિવરણ કરતો નિબંધ લખો.

(૨) આધુનિક યુગમાં 'સ્ત્રી અબળા નથી રહી' આ વાક્યની વિરૂદ્ધ કે તરફેણમાં તમારું મંતવ્ય પ્રગટ કરો.

(૩) મેં જૂનું ફોટો આલ્બમ ખોલ્યું, ને હું ભૂતકાળમાં સરી પડ્યો/પડી....

(૪) 'મિત્ર એટલે નિ:સ્વાર્થ પ્રેમનું ઝરણું' મિત્ર સાથેનો સંબંધ, અનુભવ - જીવનમાં મિત્રની આવશ્યકતા વિશે તમારા વિચારો રજૂ કરો.

(૫) 'કહ્યું કરો મા-બાપનું; દો મોટાને માન, ગુરુની શિક્ષા માનવી' આપણાં જીવનમાં બા-બાપ, વડીલ અને ગુરુનું સ્થાન અને મહત્ત્વ સમજાવતો નિબંધ લખો.

(૬) નીચેનામાંથી કોઈ પણ **એક** વિશે એક મૌલિક વાર્તા લખો :—

(i) દૃષ્ટિકોણ

(ii) એક લગ્ન પ્રસંગમાં જ્યારે હું પહોંચ્યો.

---

**Question 2**

Read the passage given below and answer in Gujarati the questions that follow, using your own words :—

નીચે આપેલ પરિચ્છેદને ધ્યાનથી વાંચી તેની નીચે આપેલા પ્રશ્નોના ઉત્તર ગુજરાતીમાં તમારા શબ્દોમાં લખો :—

નિશાળમાં રજાઓ પડી હતી. શાળા ચાલુ હોય ત્યારે 'રજા-રજા'ની ભૂખ રહ્યા કરે, પરંતુ આઠદસ રજાઓ પૂરી થાય ત્યાં 'એકલા એકલા આખો દિવસ શું કરવું ?'નો અજંપો ઊભો થાય અને કંટાળો આવે. આવો જ એક કિશોર રજાઓમાં એકલો એકલો કંટાળી રહ્યો હતો. દોસ્તદારો હજી ભેળા નહોતા થયા. દરેકને કંઈક ને કંઈક કામ હતું. છેવટે એણે પોતાની ફોઈને કહ્યું : 'ફોઈબા, મને ચોપાટ આપો. હું રમીશ.' ફોઈબાએ પૂછયું, 'અલ્યા, પણ કોની સાથે રમીશ ? સામે ભેરુ તો કોઈ છે નહીં !' છોકરાએ કહ્યું : 'જોજોને, હું મારો ભેરુ શોધી કાઢું તે !'

ફોઈબાએ તો કબાટમાંથી ચોપાટ કાઢી આપી. કિશોરે ઘરમાં જ એક થાંભલા પાસે ચોપાટ પાથરી દીધી અને થાંભલાને કહ્યું : 'આપણે બંને રમીશું આ જો મારો જમણો હાથ તે તારો અને ડાબો હાથ એ મારો ! બરાબર છે ને ?' .....થાંભલો થોડો જ કંઈ બોલવાનો હતો ? રમત શરૂ થઈ ગઈ. પોતાના દાણા ડાબા હાથે અને થાંભલાના દાણા જમણા હાથે નાંખવા માંડ્યો. રમત ખાસ્સી લાંબી ચાલી પણ છેવટે એ થાંભલા સામે હારી ગયો.

ફોઈબા આ બધું જોઈ રહ્યાં હતાં. એ હસતાં હસતાં બોલ્યાં : 'અરે, તું તો જડ થાંભલા સામે હારી ગયો?' છોકરાએ ફોઈબા સામે જોઈ કહ્યું : 'પણ હું શું કરું ? ડાબા હાથે દાણા નાંખવાની મને ટેવ નથી, એટલે હારી જવાય ને !' ફોઈબા બોલ્યાં : 'તો પછી જમણો હાથ તારા પોતાના માટે શું કામ ન રાખ્યો ? તું તો જાણતો જ હતો ને કે ડાબા હાથવાળો હારશે !'

છોકરાએ કહ્યું : 'ભલે ને હું થાંભલા સામે હારી ગયો, પણ મને કોઈ લુચ્ચો અથવા અપ્રમાણિક તો નહીં કહી શકે ને ? જો મેં જમણો હાથ મારા માટે રાખ્યો હોત તો બિચારા મૂંગા થાંભલાને અન્યાય થાત, એ છેતરપિંડી થાત, કારણ કે મનમાં તો હું સમજતો જ હતો કે ડાબા હાથે નાખવાથી ધાર્યા દાણા ન જ પડે !' એ કિશોર હતો મહાદેવ ગોવિંદ રાનડે !

નાનપણથી જ પ્રમાણિકતા અને ખેલદિલીના સંસ્કાર પડે તો તેની આભા આખા જીવન પર છવાઈ જાય છે. વાત તો સાવ નાની સરખી હોય છે, પણ તેવી નાની નાની વાતોથી જ મનનું શિક્ષણ થતું હોય છે. સવારના પહોરમાં તમારા હાથમાં બે દાતણ હોય : એક સારું હોય અને બીજું થોડું નરસું હોય - ત્યારે સામેની વ્યક્તિને તમે એ બે દાતણમાંથી કયું દાતણ ધરો છો - એટલી નાની સરખી ક્રિયાના પણ મન પર સંસ્કાર પડી જતા હોય છે, મનનું વલણ કેળવાતું જતું હોય છે અને ધીરે ધીરે આ સંસ્કારો, વલણો અને વૃત્તિઓ ભેળાં થઈને જીવનનું બંધારણ ઘડતાં હોય છે. જીવનને સત્વશીલ બનાવવું હોય તો જીવનનાં પ્રારંભિક વર્ષોમાં મન, બુદ્ધિ અને ચિત્તના બંધારણનો પિંડ બાંધતાં તત્વો વિષે જાગ્રતપણે સાવધ થઈને વર્તતાં શિખાય તો જીવન બાવળિયો નહીં, પણ ગુલાબ થઈને મહેંકી ઊઠશે.

**પ્રશ્નો :–**

(૧) રજા-રજાની ભૂખ બાળકોને ક્યારે હોય છે ? લાંબી રજાઓ પડ્યા પછી બાળકોની સ્થિતિ કેવી થતી હોય છે ? [3]

(૨) છોકરો કોની સાથે કઈ રમત રમવાની શરૂઆત કરે છે ? રમતમાં કોણ જીતે છે ? કેમ ? [3]

(૩) 'જીવન બાવળિયો નહીં, પણ ગુલાબ થઈને મહેંકી ઊઠે' કેવી રીતે ? ટૂંકમાં લખો. [3]

(૪) બાળક કોણ હતો ? તે કઈ બાબતે જાગૃત હતો ? [3]

(૫) આ ગદ્યખંડ પરથી તમે શી શીખ લેશો ? ગદ્યખંડને યોગ્ય શીર્ષક આપો. [3]

**Question 3**

(a) Use the following phrase and idioms in sentences of your own to illustrate their meaning (any **four**) :— [4]

નીચે આપેલ રૂઢિપ્રયોગો અને કહેવતોને ઉપયોગ કરી સાર્થક વાક્ય બનાવો. (કોઈપણ **ચાર**) :—

(૧) ભાંગી પડવું

(૨) બે પાંદડે થવું

(૩) લોઢાના ચણા ચાવવા

(૪) મોંમાંથી પાણી છૂટવું

(૫) ટાઢે પાણીએ ખસજવી

(૬) તલપાપડ થવું.

(b) Give one word for the following (any **four**):— [4]

નીચેના શબ્દસમૂહ માટે એક શબ્દ આપો. (કોઈપણ **ચાર**) :—

(૧) ઘરની આગળનો ભાગ

(૨) જૈન ધર્મના પ્રવર્તક

(૩) બનાવટી દેખાતું જળ

(૪) રંગોનો તહેવાર

(૫) સચોટ અસર ઉપજાવે તેવું

(૬) પગે ચાલીને વસ્તુ વેચનાર.....

(c) Give opposites of **any four** words:— [2]

નીચેના શબ્દનો વિરોધી અર્થ લખો. (કોઈપણ **ચાર**) :—

(૧) પ્રેમ (૨) આચાર

(૩) આયાત (૪) ચેતન

(૫) કંજૂસ (૬) તળિયું

## SECTION B
## PRESCRIBED TEXTBOOKS - 40 Marks

*Answer any **four** questions from this section on **at least three** of the prescribed textbooks.*

*આપેલા પાઠ્યપુસ્તકોમાંથી કોઈપણ ત્રણ પુસ્તકોના કુલ ચાર પ્રશ્નોના જવાબ લખો.*

### ગદ્ય સંચય

### (GADYA SANCHAY)

**Question 4**

'હા, અને ભૈયાને ચોવીસ કલાકની નોટિસ આપી દો !

'બહુ સારું !' શિરસ્તેદાર નમીને સલામભરી બહાર ચાલ્યો ગયો.

તો પણ વિનાયક રાવે વૃધ્ધ ભૈયાને કંઈક મદદ કરી. બીજે દિવસે ભૈયાને સાહેબની હજૂરમાં લાવવા માટે તેણે એક ટપ્પો મોકલ્યો. ડોસો હાજર થયો. સાહેબ પોતાના ઓરડામાં અધિકારીના રૂઆબથી એટલા જ અક્કડ બેઠા હતા.'

(૧) 'ભૈયો' એટલે કોણ ? તે શું કામ કરતો ? [1]

(૨) વિનાયકરાવ અને સાહેબના પાત્રોમાં શો ભેદ માલમ પડતો હતો ? સમજાવો. [2]

(૩) ભૈયાના કુટુંબનો પરિચય આપો [2]

(૪) લેખકે જણાવેલ વાર્તાનો અંત લખી "સંસ્થા - વ્યક્તિના ખાનગી ભવ્યજીવનને શું કરે" દ્વારા વ્યક્ત થતો કટાક્ષ આજના સંદર્ભમાં જણાવો ? [5]

**Question 5**

અચાનક આરતી-જુઇ મધુ બહેનને શું કહે છે ? કેમ ? પુત્રીની વાત સાંભળીને, તેના ગયા પછી, મધુ બહેન ક્યાં સ્મરણોમાં સરી જાય છે ? [10]

**Question 6**

'વાસ્તવમાં માતાનું ખરું સ્મારક નાના ભાઈના પસ્તાવામાં રહેલું છે' એ વાતને લેખકે કઈ રીતે મૂલવી છે તે વાર્તાને આધારે તમારા શબ્દોમાં રજૂ કરો. [10]

### પદ્ય સંચય

### (PADHYA SANCHAY)

**Question 7**

ગુણની ઉપર ગુણ કરે, એ તો વ્હેવારાં-વટ્ટ
અવગુણ ઉપર ગુણ કરે, ખરી ખતરિયાં-વટ્ટ

કદમ અસ્થિર હો એને, કદી રસ્તો જડતો નથી,
અડગ મનના મુસાફરને, હિમાલય નડતો નથી.

(૧) દુહામાં કોને 'વ્હેવારાં-વટ્ટ' કહ્યા છે ? તમારા શબ્દોમાં સમજાવો. [1]

(૨) રસ્તો કોને નથી જડતો ? કેમ ? [2]

(૩) 'વ્હેવારાં-વટ્ટ' અને 'ખતરિયાં-વટ્ટ' વચ્ચેનો તફાવત શી રીતે દુહામાં દર્શાવ્યો છે ? [2]

(૪) કેવા મુસાફરને હિમાલય પણ નથી નડતો ? તમારા શબ્દોમાં ઉદાહરણ આપી સમજાવો. [5]

**Question 8**

'મળે ના મળે' કાવ્યનો પ્રકાર લખી કવિનું નામ જણાવો. કાવ્યમાં વ્યક્ત થયેલ વતનપ્રેમનું શબ્દચિત્ર તમારા શબ્દોમાં વર્ણવો. [10]

**Question 9**

કવિ રમેશ પારેખને મળેલ કોઈ એક પુરસ્કારનો ઉલ્લેખ કરી 'તારો મેવાડ મીરાં છોડશે' નું રૂપક સમજાવો. [10]

## આંધળી ગલી

## (AANDHALI GALI)

**Question 10**

'દસ દસ વરસથી એની પાસેથી ભાગી છૂટવા મથતી હતી, નથી જાણતો ? આજે શું કરવા યાદ કરું ?

'કેટલાય દિવસથી ખાધી નથી.'

'બધું યાદ કેટલું કરાય છે ? એની મેળે પણ યાદ આવી જાયે.'

'હા, આવી જાય, પણ અત્યારે મમ્મી નથી યાદ આવી.

'તો ?'

'કંઈ નહીં.'

'ચાલ, થોડે સુધી ફરી આવીએ'.

'તું થાકી ગયો હતો ને !'

'ચાલ !'

'મુંબઈ શહેરમાં આવ્યા પછી તરત જે અકળામણ થતી હતી, તે હવે નથી થતી, તાં આંખમાંથી ઊંઘ ઉડ્યા પહેલાં ઘડિયાળના કાટા ભોંકાય છે.'

(૧) 'આજે શું કરવા યાદ કરું ?' કોણ કોને કહે છે ? તે આજે કોને યાદ નથી કરતી ? [1]

(૨) મુંબઈ શહેરમાં કથાનાયક કેવી ગુંગળામણ અનુભવતો હતો ? [2]

(૩) કથા-નાયિકા તેની આ ગુંગળામણની અનુભૂતિને કઈ રીતે વાળવાનો પ્રયત્ન કરે છે ? તે વખતે નાયિકાની નજરે શું ચડે છે ? [2]

(૪) પરેશ કુંદનવિલામાં રહેવા મળ્યાને ચમત્કાર કેમ માને છે ? ને છતાં તેના કાનમાં સમયના રથની ઘરઘરાટી શા સ્પંદનો અનુભતી હતી તે જણાવો. [5]

**Question 11**

છાયાગીત જોવા ગયા ત્યારે કુંદનબહેનનું વર્તન કેવું હતું ? શા માટે ? **[10]**

**Question 12**

સ્ત્રીઓ મકાનને 'ઘર' માં ફેરવી દે છે એ વાતને લેખિકા કઈ રીતે રજૂ કરે છે તે શુભાંગીના પાત્રને ધ્યાનમાં રાખી લખો. કુંદનના આગમને તેની આ કલ્પનાને કઈ રીતે ખલેલ પહોંચાડ્યો ? **[10]**

## ચીનુ મોદીના પ્રતિનિધિ એકાંકીઓ
## (CHINU MODI NA PRATINIDHI EKANKIO)

**Question 13**

''દ્રૌ. - પાંચપતિ પછી પણ સખાની આવશ્યકતા રહી એવી નારીના દુર્ભાગ્ય વિશે શું કહેવું છે, પાંડુપુત્ર ? તમે મત્સ્ય વેધ કર્યો અને મેં તમને વરમાળા પહેરાવી......... તમે કેવળ પાંડુપુત્ર જ છો. માતા કુંતાને મન અને પછી મારે મન.''

(૧) ઉપરની ઉક્તિ કોણ કોને માટે કહે છે ? સખાની આવશ્યકતા કોને જણાઈ હતી ? **[1]**

(૨) અર્જુનનું મન દ્રૌપદીને મળી શા માટે ખિન્ન થઈ ગયું ? **[2]**

(૩) દ્રૌપદી સહદેવને 'દ્રૌપદી નામનો મત્સ્યવેધ બાકી છે' એવું ક્યારે અને શા માટે કહે છે ? **[2]**

(૪) ભીમ અને યુધિષ્ઠિર સાથે દ્રૌપદી પોતાનો રોષ કઈ રીતે વ્યક્ત કરે છે ? તે તમારા શબ્દોમાં વર્ણવો. **[5]**

**Question 14**

નિલયની 'દ્વેષવૃત્તિ' પ્રકટ કરતી કોઈપણ બે ઘટનાઓનું આલેખન ''ખુલ્લાબારણાં'' નાટક ને આધારે કરો. **[10]**

**Question 15**

'ફોટોગ્રાફર' એકાંકીનાં સવિતા અને ફોટોગ્રાફરની વિશેષતા દર્શાવી હસમુખરાય - સવિતાની બેલડીના કિશોરાવસ્થાથી વાર્ધક્ય સુધીનો વિકાસ પલટો તમારા શબ્દોમાં વર્ણવો. **[10]**